➢ **નગરપાલિકાના કાર્યો અથવા તેના અમલીકરણના ઘડતરના સબંધમાં જનતાના સભ્યો સાથે વિચાર વિનીમય માટે અથવા તેમના દ્વારા રજુઆત માટેની વિદ્યમાન ગોઠવણ :–**

❖ નીતિ ઘડતર અથવા નીતિના સબંધી જનતાનાં સભ્યો સાથે સલાહ – પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની વ્યવસ્થા :–

○ ગુજ. નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ (૬) અનુસાર જેતપુર નવાગઢ નગરપાલિકાની સર્વોચ્ચ નીતિ ઘડતર કરતા ફોરમ એવી સામાન્ય સભાની બેઠક નગરપાલિકા સમક્ષ ચાલતી કોઈ તપાસ અથવા વિચારણા ખાનગીમાં થવી જોઈએ એમ પ્રમુખ સ્થાને લેનાર અધિકારીને લાગે તે સિવાય, દરેક બેઠક લોકો માટે (જનતાના સભ્યો માટે) ખુલ્લી રહેશે.

○ ગુજ. નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ – ૫૭ ની જોગવાઈ અનુસાર જેતપુર નવાગઢ નગરપાલિકાનાં ચુંટાયેલા સભ્ય ન હોય તેવા લાયકાત ધરાવતા જનતાના સભ્યો (કોઈ પુરૂષ કે સ્ત્રી) નગરપાલિકાની વિવિધ સમિતિઓમાં ચુંટાઈ શકે છે અને નીતિ ઘડતરની પ્રક્રિયામાં ભાગ લઈ શકે છે.

○ જનતાના સભ્યો નગરપાલિકાની નીતિ વિષયક બાબતો એ પોતાના સુચનો " જાહેર માહિતી અધિકારી " અને ચીફ ઓફિસરને કે પ્રમુખશ્રી / વહીવદારશ્રીને સીધા રજુ કરી શકે છે.

○ અધિનિયમ કલમ – ૬ અને ૭ મુજબ નગરપાલિકા જનતાનાં સીધી ચૂંટણી દ્વારા પસંદ કરાયેલા પ્રતિનિધિઓ (કાઉન્સીલરો) થી બનતી હોઈ તેઓ દ્વારા સર્વોચ્ચ નીતી ઘડતર સબંધી નિર્ણયો લેવાય છે.

○ નગરપાલિકા વિસ્તારના સીનીયર સીટીઝનો, નિવૃત અમલદારો, જાગૃત પ્રજાજનો,મંડળો, એશોશીએશનો વ્યકિતગત રીતે કે સયુંકત રીતે તેમના મંતવ્યો, રજુઆતો, નગરપાલિકા ને રજુ કરી શકે છે.

○ નગરપાલિકા વિસ્તારમાં વેરાઓ દાખલ કરવા, વેરાના દરો સુધારવા, તે સંબંધી પેટા કાયદાઓ તથા નિયમો અમલમાં લાવવા અંગેની કાર્યવાહીમાં ગુ.ન.પા અધિ. ૧૯૬૩ ની કલમ ૧૦૧ (સી ) અનુસાર તેમના વાંધાઓ લેખીતમાં નગરપાલિકાને મોકલી શકશે. નગરપાલિકા આવા તમામ વાંધાઓ વિચારમા લેશે અને તેનો યોગ્ય નિકાલ કરશે.

○ નગરપાલિકા વિસ્તારની ઈમારતો ઉપર અથવા જમીનો ઉપર અથવા એ બન્ને ઉપર કર નાખવામા આવે ત્યારે આવી તમામ ઈમારતો અથવા જમીનોની એક આકરણી યાદી તૈયાર કરવાની ગુ.ન.પા.અધિનિયમની કલમ ૧૦૫ માં જોગવાઈ થયેલ છે. તે અન્વયે તૈયાર કરવામાં આવેલ આકારણી યાદી ની કલમ ૧૦૭ અન્વયે પ્રસિધ્ધી કરવાની જોગવાઈ છે. અને કલમ ૧૦૮ અન્વયે આકારણી સામેના પોતાના વાંધાઓ આકારણી યાદીની પ્રસિધ્ધિ પછીના એક માસની અંદર મિલ્કતનો માલિક અથવા ભોગવટો કરનાર કરી શકે છે. આવા વાંધાઓ ની તપાસ કરી નગરપાલિકા તેનો યોગ્ય નિકાલ કરશે.

❖ નગરપાલિકા કક્ષાએ નીતિઓના અમલ માટે જનતાની અથવા તેમના પ્રતિનિધિઓ ની સલાહ – પરામર્શ / સહભાગીતા મેળવવા માટે કોઈ કાયદાકીય જોગવાઈ વિદ્યમાન નથી. પરંતુ ગુજ. નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૯ (ખ) મુજબ નિતિઓનાં અમલ માટે પગલાં લેવાનો અધિકાર અને સતાઓ મુખ્ય અધિકારીને સુપ્રત થયેલા છે.

પરંતુ નીચે મુજબની કેટલીક બાબતો માં જનતા ના પ્રતિનિધિઓ સાથે અમલ સબંધી પરામર્શ કરવાની જોગવાઈ છે. જેમ કે.

| ક્રમ | વિગત | અધિનિયમની કલમ | જનતાનાં પ્રતિનિધિઓની સહભાગીતા માટે થયેલ જોગવાઈ |
|---|---|---|---|
| ૧ | મુખ્ય અધિકારીની સતાઓ અને ફરજો | ૪૯ (૧) (ક) | મુખ્ય અધિકારી પ્રમુખનાં નિયંત્રણનું માર્ગદર્શન અને દેખરેખ ને આધીન રહીને પોતાની તમામ સતાઓ વાપરશે અને ફરજો બજાવશે. |
| ૨ | કાર્યોનું અમલીકરણ અર્થે લેખિત કરારો કરવા બાબત. | ૬૬ (૨) | બે સભ્યો હાજર હોય તે સિવાય ન.પા.નું સામાન્ય સીલ કોઈ કરાર અથવા બીજા લેખ ઉપર મારી શકાતું નથી તેઓની હાજર બદલ આવા કરાર લેખ ઉપર તેઓની સહી મેળવવાની રહે છે. |
| ૩ | કામો ટેન્ડરો મંજુર કરવા બાબત. | ૬૭ (૨) | આવેલ ટેન્ડરો પૈકી જે ટેન્ડરો બધા સંજોગો ધ્યાનમાં લેતાં મુખ્ય અધિકારી ને સૌથી ફાયદાકારક લાગે તેને કારોબારી સમિતિ ની મંજુરી લઈને મંજુર કરી શકશે. |
| ૪ | નગરપાલિકાની લેણી રકમોની વસુલાત માટેના સખ્તાઈના પગલાં. | ૧૩૩ (૧–૧) | નગરપાલિકાની લેણી રકમો ની વસુલાત માટે મુખ્ય અધિકારીએ પ્રમુખની સાથે વિચાર વિનીમય કરીને જે તે કસુર કરનારની જંગમ કે સ્થાવર મિલ્કત ટાંચ કે જપ્તી માં લઈ વેચીને વસુલાત કરી શકશે. |